**।। શ્રી મહાવીરાય નમઃ।।**

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**સંચાલિત**

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૪

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૪૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. સેવણા **વા વિ વાવન્ન કુદંસણ વજ્જણા સમ્મત્ત સદ્દહણા** એવા

૨. જં પિ ય **ઈમં સરીરં ઈટ્ઠં કંતં** પિયં

૩. સાહૂણં **આસાયણાએ સાહૂણીણં આસાયણાએ સાવયાણં આસાયણાએ સાવિયાણં આસાયણાએ દેવાણં** આસાયણાએ

૪. ઉવટ્ટણાએ **પરિયટ્ટણાએ આઉટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ કુઈએ** કક્કરાઈએ

૫. ઉપરાંત **સઈચ્છાએ કાયાએ જઈને પાંચ** આશ્રવ

૬. વંતેસુ વા **પિત્તેસુ વા પૂએસુ વા સોણિએસુ વા સુક્કેસુ વા** સુક્ક

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૬)**

૧. સમત્તસ્સ **સમકિતના** ૨. મચ્છરિયાએ **દાન આપી અહંકાર કર્યો હોય**

૩. સુત્તાગમે **સૂત્રરૂપ આગમ** ૪. તેનાહડે **ચોરાઉ વસ્તુ લીધી હોય**

૫. વહે **ત્રસ જીવને લાકડી પ્રમુખના પ્રહાર કર્યા હોય**

૬. કુક્કુઈએ **આંખ, મુખ, હાથ આદિથી કુચેષ્ટા કરી હોય**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો. (૭)**

૧. શ્રમણોપાસકને **સમણોવાસએણં** ૨. દુષ્ટ ભાવથી જ્ઞાન લીધું હોય **દુટ્ઠુપડિચ્છિયં**

૩. અંગોપાંગ છેદવા **નિલ્લંછણકમ્મે** ૪. ખોટી સલાહ આપવી **મોસોવએસે**

૫. વ્યતીત થયો છે **વઈક્કંતો** ૬. ઉપાસના કરવી **સેવણા**

૭. એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય **ખેતવુડ્ઢી**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૫)**

૧. શ્રાવક ત્રસ જીવોની કેવી હિંસાનો ત્યાગ કરે છે? **સંકલ્પપૂર્વક, જાણીજોઇને થતી.** (૧×૯)

૨. શ્રાવકોએ કેવી રીતે આજીવિકા ચલાવવી જોઇએ?

**કર્મસિદ્ધાંતનો સ્વીકાર કરીને અલ્પ પાપ થાય તેવી પ્રવૃત્તિઓ દ્વારા આજીવિકા ચલાવવી જોઇએ.**

૩. દિશાઓના નામ લખો. **પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ, અધો.**

૪. અવગ્રહમાં આવવાની આજ્ઞા કયા શબ્દોદ્વારા લેવાય છે? **અણુજાણહ મે મિ ઉગ્ગહં.**

૫. પાપ પ્રવૃત્તિ કયા પ્રકારે થાય છે? **સ્વયં કરવું, બીજા પાસે કરાવવું, અન્યની પાપપ્રવૃત્તિમાં ખુશ થવું.**

૬. અદત્ત એટલે શું? **કોઇએ ન આપેલી વસ્તુ.**

૭. શ્રાવક કોના માટે પરિગ્રહની મર્યાદા રાખે છે? **સ્વયં પોતાના માટે જ પરિગ્રહની મર્યાદા રાખે છે.**

૮. અનર્થદંડનું સેવન ક્યારે થાય છે? **શ્રાવક પોતાના સંયમપૂર્વકના વ્યવહારની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે.**

૯. શ્રાવક કયા મૃષાવાદનો આગાર રાખે છે? એક શબ્દમાં લખો. **સૂક્ષ્મ.**

**૧૦. નીચેના અતિચાર કયા પાઠમાં આવે છે?** **(૩)**

૧) છવિચ્છેએ **પહેલા પ્રાણાતિપાત વેરમણ વ્રતમાં**

૨) રૂવાણુવાએ **દસમા દેશાવગાસિક વ્રતમાં**

૩) અનંગકીડા **ચોથા મેહુણ વિરમણ વ્રતમાં**

૪) સચિત્ત પડિબદ્ધાહારે **સાતમા ઉવભોગ-પરિભોગ વ્રતમાં**

૫) સિજ્જા સંથારએ **અગિયારમા પરિપૂર્ણ પૌષધ વ્રતમાં**

૬) જીવિયા સંસપ્પઓગે **સંથારાના પાઠમાં**

**૧૧. આંકડામાં જવાબ લખો.** **(૩)**

૧) પ્રાણ **૧૦** ૨) આભ્યંતર પરિગ્રહ **૧૪** ૩) અસત્ય **૫**

૪) કોટિ **૯** ૫) ભોજન સંબંધી બોલ **૧૧** ૬) પોષક તત્ત્વ **૨**

**(૧૫)**

**પ્ર.૨ સામાન્ય સમજણના વિભાગના આધારે લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૧૦)**

૧. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ કોનું પ્રથમ સોપાન છે? **આત્મવિકાસ**

૨. કયા જીવો જ મોક્ષમાં જાય છે? **ચરમ**

૩. અયોગી અવસ્થામાં કયા કર્મોનો નાશ કરે છે? **અઘાતી**

૪. ક્ષેત્રને માપવાનું એક માપ કયું છે? **રજ્જુ**

૫. અવ્યવહાર રાશિમાં જીવની કેવી દશા છે? **અવિકસિત**

૬. ૭ કરોડ ૭૨ લાખ કોના ભવન છે? **ભવનપતિ**

૭. તીર્થંકરનો અભિષેક કયા વનમાં થાય છે? **પંડગવન**

૮. આરાધકપણામાં જીવોના ભાવ કેવા છે? **સાપેક્ષ**

૯. બરફ જેવા ઘટ્ટ પાણીને શું કહેવાય? **ઘનોદધિ**

૧૦. અઢીદ્વીપને કયા ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે? **સમય/મનુષ્ય**

**(બ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. અર્ધપુષ્કર દ્વીપનો આકાર ......, ......, ...... જેવા છે. **ચૂડી, બંગડી, વલય**

૨. મોહનીય કર્મનો ક્ષય કરી જીવ ...... બને છે. **વીતરાગી**

૩. લોકનો આકાર ...... ...... ના આકારે છે. **સુપ્રતિષ્ઠિત સરાવલા**

૪. અભવીપણું જીવનો ......–...... ભાવ છે. **સ્વાભાવિક, પારિણામિક**

૫. મહાવિદેહની ...... અને ...... વિજય અધોલોકમાં ગઈ છે. **વપ્રા, સલીલાવતી**

(૨૦)

**પ્ર.૩ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) ૩૫ બોલના આધારે લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. નિક્ષેપ, રાશિ, દંડક અને દર્શન એટલે શું?

**નિક્ષેપ : વસ્તુને સમજવા માટેના દષ્ટિકોણને નિક્ષેપ કહે છે.**

**રાશિ : તે તે પ્રકારના પદાર્થોના સમૂહને રાશિ કહે છે.**

**દંડક : જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મનો દંડ ભોગવે તેને દંડક કહે છે.**

**દર્શન : જેનાથી વસ્તુના સામાન્ય સ્વરૂપને જોવું તે.**

૨. માત્ર સંખ્યા લખો – ગુણસ્થાન **૧૪** કાળના વિસ્તારથી ભેદ **૫/૬**

કાયયોગ **૭** રસનેન્દ્રિયના વિષય **૫**

૩. આઠમી નિર્જરા, આઠમો શ્રાવકનો ગુણ, આઠમો પ્રાણ અને આઠમો રસ લખો.

**વિનય, ચતુરાઈયુક્ત, કાય બલપ્રાણ, બિભત્સ રસ.**

૪. તમારી જાતિ, ગતિ, કાય અને જીવનો ભેદ લખો. **પંચેન્દ્રિય, મનુષ્ય, ત્રસકાય, પંચેન્દ્રિય પર્યાપ્તો.**

૫. સમવાયના નામ લખો. **કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ (પૂર્વકૃત), પુરુષાર્થ–પુરુષાકાર (ઉદ્યમ).**

**(આ) છકાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. તેઉકાયનું આયુષ્ય, ક્યાં હોય? તે લખો.

**જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિ. સૂક્ષ્મ આખા લોકમાં. બાદર અઢીદ્વીપમાં.**

૨. ભુજપુરિસર્પ એટલે શું? **જે ભુજાએ કરી ચાલે તેને ભુજપરિસર્પ કહે છે. ઉંદર, ખિસકોલી.**

૩. સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ ક્યાં છે? **૧૦૧ મનુષ્ય ક્ષેત્રમાં મનુષ્યની ૧૪ પ્રકારની અશુચિમાં.**

૪. પૃથ્વીકાય કોના જેવડી કાયા કરે? ચૌરેન્દ્રિયના કુળ, અપ્કાયનું સંસ્થાન અને તેઈન્દ્રિયનું આયુષ્ય કેટલું?

**પારેવા જેવડી. નવ લાખ ક્રોડ. પાણીના પરપોટા. જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૪૯ દિવસ.**

૫. દેવના મુખ્ય ભેદ લખો. **ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક.**

૬. બેકી સંખ્યાના નરકના ગોત્ર કયા છે? **શર્કરાપ્રભા, પંકપ્રભા, તમઃપ્રભા.**

૭. વનસ્પતિકાયની દયા કેવી રીતે પાળી શકાય? પહેલા બે મુદ્દા લખો.

**૧) ઘાસ પર ચાલવું નહિ. ૨) ઘાસ પર પાર્ટી, રાસ, ગરબા, ગેમ્સ વગેરે અરેન્જ કરવા નહિ તેમજ પાર્ટ લેવો નહિ.**

૮. મામણમુંડાને કઈ ઈન્દ્રિય હોય? **સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય.**

૯. વાયુકાયમાં અસંખ્યાતા જીવ ક્યારે કહ્યા છે? **એક વખત ફરકવામાં.**

૧૦. કયા ધ્યાન અશુભ છે? **આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન.**

**(૫)**

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાન આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. પૃથ્વીકાયના જીવો શેને ઈચ્છે છે? **શાતા, અનુકૂળતા**

૨. સર્વ જીવો કોની અપેક્ષાએ એક સમાન છે? **ચૈતન્ય લક્ષણ, શક્તિ**

૩. રોમાનિયામાં કોસટેસ્ટી ગામમાં કોણ કોને જન્મ આપે છે? **પત્થર, અન્ય પત્થરને**

૪. છકાયના જીવોનિ સિદ્ધિ કયા સૂત્રમાં છે? **આચારાંગ, દશવૈકાલિક**

૫. માત્ર શરીર હોય તેવા જીવોને શું કહેવાય છે? **એકેન્દ્રિય, સ્થાવર**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. ભરતક્ષેત્રના પ્રથમ અને અંતિમ વાસુદેવના નામ લખો. **ત્રિપૃષ્ઠ વાસુદેવ, કૃષ્ણ વાસુદેવ**

૨. ગજસુકુમાર સ્મશાનમાં શા માટે ગયા? **એક રાત્રિની મહાપ્રતિમા સ્વીકાર કરવા.**

૩. ચંદનબાળા નામ કોણે આપ્યું? **ધનાવહ શેઠે.**

૪. મૂળા શેઠાણીને શું વહેમ થયો? **હવે શેઠ આને જરૂર પરણી જશે.**

૫. શાલીક્ષેત્ર એટલે શું? **ચોખાના ખેતરો.**

૬. સોમાનું શું સુંદર હતું? **રૂપ અને લાવણ્ય.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. જેમ સુખ ઉપજે તેમ કરો. **ભગવાન અરિષ્ટનેમિ ગજસુકુમારને કહે છે.**

૨. આ યુદ્ધ સમાન ન કહેવાય. **ત્રિપૃષ્ટ વાસુદેવ મનમાં વિચારે છે.**

૩. પોતાનું મૃત્યુ કોના હાથે થશે? **અશ્વગ્રીવ નિમિત્તોને કહે છે.**

૪. તમે તો મારા પર અનંતો ઉપકાર કર્યો. **ચંદનબાળા મૂળા શેઠાણીને કહે છે.**

(૧૦)

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. મેં ભોગ **સારા ચિંતવ્યા પણ રોગ સમ ચિંતવ્યા નહિ,**

**આગમન ઈચ્છયું ધન તણું પણ મૃત્યુને પ્રીછયું નહિ,**

**નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ, મધુબિંદુની આશા મહી ભય માત્ર હું ભૂલી** ગયો.

૨. મૃગનયણી **સમ નારી તણા મુખચંદ્ર નિરખવાવતી, મુજ મન વિશે જે રંગ લાગ્યો અલ્પ પણ ગૂઢો અતિ,**

**તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી, તેનું કહો કારણ તમે બચું કેમ હું આ** પાપથી?

૩. એકસોને **સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ, ધન્ય મોટા પ્રભુજી, તેમને નમાવું શીશ,**

**કેવળી દોય કોડી, ઉત્કૃષ્ટ નવ ક્રોડ, મુનિ દોય સહસ્ત્ર કોડી, ઉત્કૃષ્ટ નવ સહસ્ત્ર** કોડ.

૪. મુનિવર **હરિકેશી, ચિત્ત મુનિશ્વર સાર, શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર,**

**વળી ઈષુકાર રાજા, ઘેર કમળાવતી નાર, ભૃગુ ને યશા તેમના દોય** કુમાર.

૫. મુનિને **જોતા હૈયું નમે છે, સંત કેવા સદ્ભાગી, પાપની વૃત્તિ, પાપ પ્રવૃત્તિ, સઘળી જેણે ત્યાગી,**

**આવું મુનિપણું ક્યારે મળે, બીજો મનોરથ ક્યારે** ફળે.